જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૫/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૪૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૦	૧૧૫૦૫	૧૭૬૨૪	૦	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૦	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૯૯૩૫	૨૯૨	૫૦૨૨૭	૫૦૬૧૮	૨૯૬	૫૦૯૧૪
કુલ		૬૬૨૩૩	૨૯૨	૬૬૫૨૫	૭૪૭૮૬	૨૯૬	૭૫૦૮૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૭	૧,૮૩,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૩૫	૨૦,૩૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

ફોર વ્હિલ ગાડીનો કાચ તોડી બેગ ચોરીના ગુનાના કામના બે આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના "પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર" નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૯૬૩/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૭૯,૪૬૧ ૪૨૭,૧૧૪ મુજબનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના આરોપીઓને આજરોજ નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી પકડી તેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુનામ (૧) સંજય કપ્તાનસીંગ દીદાવાલા(છારા) ઉ.વ.૨૫ રહે, મહાજનીયાવાસ રામાપીરના મંદીરની બાજુમાં નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર તથા (૨) પીંકેશ ધીરસીંગ માછરેકર (છારા) ઉ.વ.૪૫ રહે, માચીસ ગલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર નાની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ગુનાના કામે ફરી શ્રીની ફોર વ્હિલ ગાડી (ઔડી)નો પાછળનો કાચ તોડી અંદર પડેલ બેગની ચોરી કરી લઇ ગયેલ કાળા કલરની બેગ જેમાં રોકડા રકમ ૭૦,૦૦૦/- હતા તે ચોરી કરી લઇ ગયેલ હોય જેમાંથી આરોપીઓ પાસેથી ચોરી કરી લઇ ગયેલ બેગ તથા અંદરના ડોક્યુમેન્ટ કી.રૂ.૦૦/૦૦ તથા રોકડા રૂ.૭૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ગુનાના કામે તા.૨૮/૦૫/૨૦૨૧ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી અટક કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૮/૦૫/૨૦૨૧.

આરોપીનુ નામ

(૧) સંજય કપ્તાનસીંગ દીદાવાલા(છારા) ઉ.વ.૨૫ રહે, મહાજનીયાવાસ રામાપીરના મંદીરની બાજુમાં નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર

(૨) પીંકેશ ધીરસીંગ માછરેકર (છારા) ઉ.વ.૪૫ રહે, માચીસ ગલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ –

ગાડીનો કાચ તોડી ચોરી કરી લઇ ગયેલ કાળા કલરની બેગ તથા અંદરના ડોક્યુમેન્ટ કી.રૂ.૦૦/૦૦ તથા રોકડા રૂ.૭,૦૦૦/- ના મુદ્દામાલ

કામકરનાર અધીકારી/કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.જનકભાઇ પુજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર શાહિબાગ પોલીસ સ્ટેશનના રીક્ષા ચોરીના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુનાઓ શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી એ.જે.પાંડવ સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સપેક્ટર પી.કે.પટેલ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો.મો.શાહીલ શબ્બીરમિયાં તથા લોકરક્ષક કૃણાલભાઇ દીનેશભાઇ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત આધારે અમદાવાદ શહેર શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.ન.૦૭૬૩/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે રીક્ષા ચોરી કરેલ ઈસમ નીતેશ ઉર્ફે કાલુ સ/ઓ વાસુદેવભાઇ જાતે.રાવત ઉ.વ.૧૯ રહે.નર્મદાબેનની ચાલી ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને પકડી સદરી આરોપી પાસેથી એક ચોરી કરેલ ઓટોરીક્ષા મુદ્દામાલ સાથે આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૧ મળી આવતા સદરી ઈસમને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ નજરકેદ કરી ઉપરોક્ત ગુનાના કામે આરોપીને આગળની કાર્યવાહી સારૂ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે. તા.૨૮/૦૫/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

મોબાઇલ સ્નેચિંગના ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૬૮૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૬૮૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૮/૨૦૨૧ તા-૨૮/૦૫/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૮/૦૫/૨૦૨૧ ના કલાક-૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૮/૦૫/૨૦૨૧

આરોપીનુ નામ -

"પંકજ ઉર્ફે રાજા સ/ઓ મણીલાલ ખેમાભાઇ સોલંકી ઉ.વ.૨૪ ધંધો:વેલ્ડીંગ કામ રહે: ચામુંડાની ચાલી, નરોડા રેલ્વે સ્ટેશન પાસે, હરિઓમ ડેરી સામે, નરોડા, અમદાવાદ શહેર મુળવતન ગામ-છાલા તા.જી.ગાંધીનગર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



ચાંદખેડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે (૧) સરદારનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૦૨૧૦૭૦૦/૨૦૨૧ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૨) નારણપુરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૪૨૧૦૦૫૨/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૧૦૨૮૧/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૪) ચાંદખેડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૨૨૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તથા (૫) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૩૮૪/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબના ગુનાઓના કામનો આરોપી રાજુ ઉર્ફે અક્ષય સ/ઓ નાગરાજભાઇ રમેશભાઇ મલા(બિહારી) ઉ.વ.૧૯ હાલ રહે, કુંભાજીની ચાલી, રામેશ્વર બ્રીજની નીચે, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળરહે, હેબતપુર રેલ્વે ક્રોસીંગ પાસે, કાચા છાપરામા, થલતેજ, અમદાવાદ મુળ ગામ-બકરી સલોના,તા-બેગુસરાય જી-ખડકચક, બિહાર નાનો પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોકડ રકમ તથા કિંમતી ચીજવસ્તુઓ એલ.ઇ.ડી. ટીવીઓની ચોરી કરતો હોય જેને પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ રિકવર કરી જેના વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૩૮૭/૨૦૨૧ તા.૨૮/૦૫/૨૦૨૧ થી સદરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૧ કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે. તા.૨૮/૦૫/૨૦૨૧.

કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી.પટેલ

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૪૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૪૫/૨૦૨૧**

ખોખરાઃ નરેન્દ્રભાઇ મહાદેવભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. ઝાલાવાડી પટેલ સોસાયટી ક્રિષ્ના બંગલોઝની બાજુમાં જસોદાનગર કેનાલ રોડ ગોરનો કુવો મણિનગર પુર્વ ખોખરા) એ તા.૨૮/૦૫/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે નરેન્દ્રભાઈ અને તેમનો પુત્ર એક્સીસ બેન્કનુ ક્રેડીટ કાર્ડ બન્ને વાપરતા હતા. તા.૨૧/૦૫/૨૦૨૧ સાજના ૫/૩૫ વાગ્યાના સુમારે પીઝા મેળવવા માટે નરેન્દ્રભાઈના પુત્રએ ગુગલમાંથી સર્ચ કરી મણીનગર લાપીનોઝનો નંબર મેળવી સંપર્ક કરતા મોબાઈલ નંબર ૯૦૯૯૯૧૧૦૫૬ ના ધારકે બીજા મોબાઈલ નંબર ૮૬૧૭૨૯૫૨૪૯ થી કોલ બેક કરી નરેન્દ્રભાઈના પુત્રના મોબાઈલ પર લીંક મોકલી જે લીંકમાં ૧૦ રૂપિયાનુ ટ્રાન્સફર કરશો તો તમારો પીઝા ઓર્ડર બુક થઈ જશે તેમ કહી બે લીંક મોકલતા નરેન્દ્રભાઇ પટેલના પુત્રના મોબાઈલમાં આવેલ બે લીંકમાં ક્રેડીટ કાર્ડ દ્વારા ૧૦ રૂપિયા ટ્રાન્સફર કરતા ટ્રાન્સફર થયેલ નહી અને એક કલાક બાદ નરેન્દ્રભાઇ પટેલના મોબાઈલ પર મેસેજ આવતા મેસીજમાં ક્રેડીટ કાર્ડના ખાતામાંથી રૂપિયા ૪૫,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા હતા. ત્યારબાદ નરેન્દ્રભાઇ પટેલે સાયબર ક્રાઈમ ખાતે જાણ કરતા કાર્યવાહી થતા ટ્રાન્સફર થયેલ ૪૫,૦૦૦/- પૈકી રૂપિયા ૨૪,૪૦૦/- પરત નરેન્દ્રભાઇ પટેલના ક્રેડીટ કાર્ડના ખાતામાં જમા થયેલ. આમ રૂપિયા બાકીના રૂપિયા ૨૦,૬૦૦/- જમા નહી થતા વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૪૬/૨૦૨૧**

અમરાઇવાડીઃ લાલમન રામનેન યાદવ (ઉ.વ.૫૪) (રહે. મીઠાશેઠની ચાલી સંજય ચોક નાગરવેલ હનુમાન રોડ ભિલાવાડા અમરાઇવાડી) તા.૨૭/૦૫/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમની બહાર વિજ વાયર અડી જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

ભેખડ ધસી પડતા દટાઈ જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૪૭/૨૦૨૧**

નારોલઃ નારોલ મોતીપુરા વિવેકાનંદ એસ્ટેટની બાજુમાં કેમ્પમાં રહેતા મુકેશભાઇ મગનભાઇ ભુરીયા (ઉ.વ.૨૭)(મુળ વતન ગામ-બારીના કુવા તા-ગરબાડા જિ-દાહોદ) તા.૨૮/૦૫/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે નારોલ શાહવાડી ગામ મોતીપુરા ચાર રસ્તા પાસે એ.એમ.સી.ગટર લાઇનનુ કામકાજ ચાલતુ હતુ જયાં ક્રેનથી આરસીસીની મોટી પાઇપ ખાડામાં ઉતારી અને ખાડામાં સિલીંગ છોડવા માટે મુકેશભાઇ ઉતરેલ ત્યારે મુકેશભાઈ ઉપર ભેખડ ધસી પડતા દટાઇ જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૪૮/૨૦૨૧**

રિવરફ્રન્ટ ઇસ્ટઃ મનુભાઇ કાળીદાસ પરમાર (ઉ.વ.૬૭)(રહે.મહાકાળીનગરની ચાલી રામાપીરનો ટેકરો જુના વાડજ) એ બિમારીથી કંટાળી તા.૨૮/૦૫/૨૦૨૧ કલાક ૫/૪૦ વાગ્યા પહેલા વાડજ સ્મશાનઘાટ બ્રિજ નીચે રીવરફ્રન્ટ નજીક દશામા મંદિર પાસે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

સરખેજઃ મહંમદરીઝવાન અબ્દુલગની પઠાણ (ઉ.વ.૩૫) (રહે. શેરઅલીબાવાની દરગાહ પાસે તલાવડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી